વધારાની શરતો.

૧) ૯૦ દિવસથી વધારે કામ આવતા મંજુરી માટે એપ્લોઇઝ ફંડ માટેની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. અને આ માટે તેમણે બધા પ્રમાણપત્ર ઔડા સક્ષમ રજુ કરવામાં રહેશે.

૨) કોન્ટ્રાક્ટરના કામે રાખેલ મજુરોની સલામતી માટેની વિમાની જોગવાઇ કોન્ટ્રાક્ટરે કરવાની રહેશે.

૩) ટેન્ડરમાં કોઇપણ જગ્યાએ બાનાની રકમ/સીક્યુરીટી ડીપોઝીટની રકમ માટેની બેંક ગેરંટી/FDR/નર્મદા બોન્ડ દર્શાવેલ હોય તે રદ બાતલ ગણવી અને બાનાની રકમ /સીક્યુરીટી ડીપોઝીટ ની રકમ નેશનલાઇઝ બેંક તથા ગુજરાત સરકાર માન્ય શીડ્યુલ બેંક ના પે ઓર્ડર/ડીમાન્ડ ડ્રાફ્ટ/બેકર્સ ચેક થી જમા કરાવવાના રહેશે. બાના મુક્તિ પ્રમાણ માન્ય રાખવામાં આવશે નહિ.

૪) કામની ગુણવતા નિયમન માટે જરૂરી તેવા માલ સામાનની તથા અન્ય બધાજ ટેસ્ટ યોગ્ય ધોરણસર જા.બા.ખાતાના નિયમો અનુસાર ઇજારેદારે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

૫) ટેન્ડર સ્વીકાર્યાની જાણ થયેથી જામીન અનામતની રકમ ભરવાની રહેશે, તેમજ કરારનામાં સહી સિક્કા કરવાના રહેશે. જો તેમ કરવામાં ચુક થશે તો ટેન્ડર રદ બાતલ ગણાશે, અને બાનાની રકમ જપ્ત કરવામાં આવશે.

૬) સીલબંધ કવર ઉપર કામનું નામ તથા નંબર અચુક લખવાનો રહેશે.

૭) સીક્યોરીટી ડીપોઝીટ, પરફોમન્સ બોન્ડ, અર્નેસ્ટમની ડીપોઝીટ સોલવંશી વિગેરે ફકત નેશનલાઇઝડ બેંક / ગુજરાત સરકાર માન્ય શીડ્યુલ બેંક ના જ સ્વીકારવામાં આવશે.

૮) પરફોમન્સ બોન્ડ કામ પુર્ણ ર્ક્યાના કમ્પલીશન સર્ટીફીકેટ બાદ ૧૫ દિવસ પછી છુટા કરવામાં આવશે.

૯) લોએસ્ટ ટેન્ડરર ના ભાવે એકથી વધુ એજન્સીઓ પાસે કામગીરી કરાવવાની સત્તા ઔડા અબાધિત રાખે છે.

૧૦) સદર કામગીરી સમગ્ર ઔડા કાર્યક્ષેત્ર ટી.પી. ડી.પી. તેમજ ગ્રોથ સેન્ટર વિસ્તારમાં કરવાની રહેશે.

૧૧) મૌખિક તેમજ લેખિત સુચના મળેથી દિન સાતમાં કામગીરી શરૂ કરી નિયત સમયમાં પુર્ણ કરવાની રહેશે.

૧૨) સદર કામના ટેન્ડરનો વેલીડીટી પ્રીરીયડ ૧૨૦ દિવસનો રહેશે.

૧૩) સદર કામનો વર્ક ઓર્ડર મળેથી લેબર લાયસન્સ તથા વિમાની જોગવાઇ તુરતજ કરવાની રહેશે. અને ચાલુ કામ દરમ્યાન થનાર અકસ્માત / મરણની સંપૂર્ણ જવાબદાર ઇજારદારશ્રીની રહેશે.

૧૪) સોલ્વંશી સર્ટિફિકેટ ઇસ્યુ તારીખ થી એક વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે.

૧૫) સદર કામમાં Joint Venture Allow નથી.

૧૬) દસ્તાવેજ નોટરી કરાવીને મોકલવાનું જરૂરી નથી.

૧૭) ટેન્ડરની શરતોમાં કોઇપણ વિસંગતા જણાય તો વધારાની શરતો આખરી ગણાશે.

૧૮) સદર ટેન્ડરમાં સમાવિષ્ટ રસ્તાના સ્થળ ઉપર પઝેશન મળવા અંગે કામગીરીમાં કોઇપણ પ્રકારનો વિલંબ થવા અંગે કે પઝેશન ન મળવાને કારણે ઔડા વિરુધ્ધમાં કોઇપણ પ્રકારનો કાયદાકીય દાવો કરવાનો રહેશે નહિ.

૧૯) સદર કામના ટેન્ડર સ્વીકારવા યા રદ કરવાના (કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય) ના હક સત્તામંડળને અબાધિત રહેશે.

૨૦) GST ના નવા કરમાળખા અનુસાર ટેન્ડર ભરવા વિનંતી છે. સદર ટેન્ડરમાં ભરેલ ભાવો GST રહીતના ગણવામાં આવેલ છે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

૨૧) "મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ ૧૯૯૬ '' હેઠળ દરેક માલિકે બાંધકામ પ્રવુતિ શરૂ કરવાના ૩૦ દિવસ પહેલા સદર કાયદા હેઠળના નિયત ફોર્મ-૪ મુજબની નોટીસ તેમજ બાંધકામ શરૂ કર્યાના ૬૦ દિવસમાં ઉક્ત કાયદા હેઠળ  સાઇટની નોંધણી નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થયની કચેરીમાં કરાવવાની રહેશે.

૨૨) બિડરશ્રી દ્વારા ગુજરાત સરકાર હેઠળના કોઈપણ બોર્ડ/નિગમ/વિભાગ દ્વારા બ્લેક લીસ્ટ કરવામાં આવેલ ન હોવા અંગેની બાહેંધરી કંપનીના લેટર પેડ પર આપવાની રહેશે આવુ કરવામાં નિષ્ફળ રહેનાર ઇજારદારશ્રીનું ટેન્ડર રદ કરવામાં આવશે.

૨૩) ટેન્ડરમાં ઇજારદારશ્રી દ્વારા કામના સ્થળથી ૫૦ કિ.મી. સુધીની મર્યાદામાં ડ્રમ/બેચ મીક્ષ ડામર પ્લાન્ટ હોવો જોઈએ તેમજ તેનુ અંતર(કિ.મી.) દર્શાવતો નકશો મુકવાનો રહેશે આવુ કરવામાં નિષ્ફળ રહેનાર ઇજારદારશ્રીનું ટેન્ડર રદ કરવામાં આવશે.

૨૪) ટેન્ડરની સમયમર્યાદા ૨૪ (ચોવીસ) માસની રાખેલ છે. વધુમાં ૨૪ માસની સમયમર્યાદા પૂર્ણ થયેથી જરૂરીયાત ઉપસ્થિત થયેથી માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રીની મંજુરીથી ટેન્ડરની સમયમર્યાદા વધુ ૧૨ માસ સુધી લંબાવવાની જોગવાઇ રાખેલ છે. જે ઇજારદારશ્રીને બંધનકર્તા રહેશે તેમજ તે અંગે ઇજારદારશ્રી દ્વારા કોઇપણ પ્રકારના ભાવ વધારાની માંગણી કરી શકાશે નહી.

કોન્ટ્રાક્ટરની સહી

કાર્યપાલક ઇજનેર
ઔડા, અમદાવાદ